©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI] FRIDAY, 20th JUNE, 2025/JYAISTHA 30, 1947 [No. 3192**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## અધિસુચના

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

### જુઓ નિયમ ૨૬(૯)

### નગર રચના યોજના નં. ૫૩/એ (શીલજ-થલતેજ-હેબતપુર)

### પ્રારંભિક યોજના

નં. ન.ર.યો./નં. ૫૩/એ (શીલજ-થલતેજ-હેબતપુર)/પ્રા. યો. એવોર્ડ અધિસુચના/જનરલ/૨૭૩૬/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ અનુસાર, તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં. ૫૩/એ (શીલજ-થલતેજ-હેબતપુર) ની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા. ૦૯-૦૬-૨૦૨૫ ના સોમવારના રોજ જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-''ઠ''ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**તા. ૦૯-૦૬-૨૦૨૫**
**સ્થળ : અમદાવાદ**

**સહિ/- અવાચ્ય**
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૨,
અમદાવાદ.

**કચેરીનુ હાલનું સરનામુ :**
પ્રવર નગર નિયોજકની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૨,
ત્રીજો માળ, ઓફીસ નં. ૩૧૭ થી ૩૨૨, મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શીયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

---